# ભરૂચમાં નવા વેરા નહીં નંખાય

**ભરૂચ** નગરપાલિકાનું રૂ.235.10 કરોડનું બજેટ મંજૂર

**37.71** કરોડની પુરાંત દર્શાવતું બજેટ પસાર



### સામાન્ય સભામાં હંગામો: વિપક્ષને બોલતી વખતે અટકાવી રાષ્ટ્રગીત શરૂ કરી સત્તાધારી પક્ષે સભા પતાવી

ભરૂચ નગરપાલિકાની બજેટલક્ષી અંતિમ સામાન્ય સભામાં એક અજીબ બનાવ બન્યો હતો. વિપક્ષના સભ્ય સમસાદ અલી સૈયદ શહેરના કેટલાક મહત્ત્વના પ્રશ્નો અને રજૂઆતો કરતા હતા. એ વેળા જ શાસક પક્ષના સભ્યોએ એકાએક ઊભા થઈ, સભા સમાપ્ત ગણાવી અને રાષ્ટ્રગીત ગાવાનું શરૂ કરી દીધું હતું. સમસાદ અલી સૈયદે સતત પોતાની રજૂઆત કરવાની માંગ કરી અને સભામાં અવાજ ઉઠાવ્યો હતો. પરંતુ, સત્તાધારી પક્ષના સભ્યોએ તેમની અવગણના કરતાં રાષ્ટ્રગીત પૂરું કરી સભા ખતમ કરી નાંખી હતી.

ભરૂચ: ભરૂચ નગર સેવાસદનની ચૂંટણી પૂર્વે યોજાયેલી અંતિમ બજેટલક્ષી સામાન્ય સભામાં રૂપિયા 235.10 કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું, જેમાં 37.71 કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે. પ્રમુખ વિભૂતિ યાદવની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠક શરૂઆતથી જ રાજકીય ગરમાટા વચ્ચે પસાર થઈ હતી.

સભા શરૂ થાય એ પહેલાં જ વિપક્ષે સત્તાધીશોને ઘેરતાં સત્તા પક્ષ અને વિપક્ષ આમનેસામને આવી ગયા હતા.

નગર સેવાસદન દ્વારા 197.38 કરોડના ખર્ચનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે. ગત વર્ષે પાલિકાએ અંદાજે 206 કરોડનું બજેટ રજૂ કર્યું હતું. આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રજૂ થયેલા આ બજેટમાં નવા કર-વેરા લગાડવાની જાહેરાત કરવામાં આવી નથી. બજેટમાં શહેરના વિકાસ માટે અનેક પ્રોજેક્ટ્સની જાહેરાત કરવામાં આવી છે. તેમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું નિર્માણ, મોડેલ શાળાની સ્થાપના, શહેરમાં આઈકોનિક રોડનું વિકાસ કામ, ટાઉન હોલનું નિર્માણ, વિવિધ સર્કલોનું નવીનીકરણ તથા રતન તળાવના વિકાસ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

કોંગ્રેસના સભ્યોનું કહેવું હતું કે બજેટમાં 20-20 વર્ષ જૂના પ્રોજેક્ટ્સને ફરી રજૂ કરવામાં આવ્યા છે, જેને તેમણે "જૂની કેસેટ ફરી વગાડવામાં આવી" એવી ઉપમા આપી હતી. ઉપરાંત શહેરમાં ચાલતી ડોર-ટુ-ડોર કચરા ઉઠાવવાની સેવામાં અનિયમિતતા અંગે પણ વિપક્ષે કડક વાંધો ઉઠાવ્યો હતો. વાદ-વિવાદને અંતે બજેટને મંજૂરી આપવામાં આવી હતી.

# બારડોલીમાં ટી.પી. રોડમાં બાધક 'બાળાદેવી' મંદિર યથાવત રહેશે

**બારડોલી** નગરપાલિકાની અંતિમ સામાન્ય સભામાં નિર્ણય લેવાયો



બારડોલી: બારડોલી નગરપાલિકાના ચુંટાયેલા પ્રતિનિધિઓનાં પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં શુક્રવારના રોજ પ્રમુખ ધર્મેશ પટેલના અધ્યક્ષ સ્થાને છેલ્લી સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં નગર રચના યોજના (TP) નંબર 3 અંગેની કામચલાઉ પુનઃ રચના અને એવોર્ડ પહેલાની દરખાસ્તો પર વિસ્તૃત ચર્ચા કરી મહત્ત્વનાં સૂચનો સ્વીકારવામાં આવ્યાં હતાં.

આ સભાનો સૌથી મહત્ત્વનો નિર્ણય ઐતિહાસિક બાળાદેવી મંદિર અંગે લેવાયો હતો. બેન્ડવાળા ટેકરાથી ગાંધી રોડને જોડતા 24 મીટરના ટી.પી. રોડમાં આ પૌરાણિક મંદિર નડતરરૂપ બનતું હતું. જો કે, સભ્યો દ્વારા આસ્થાનું કેન્દ્ર એવા આ મંદિરને યથાવત રાખી તેની ફરતેથી રસ્તો પસાર કરવાનું સૂચન કરાયું હતું, જેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત, 'આગવી ઓળખ'ની 8 કરોડની ગ્રાન્ટમાંથી શહેરમાં રસ્તા, પાણી અને ગટર જેવી પાયાની સુવિધાઓ વિકસાવવાનું નક્કી કરાયું હતું.

રિઝર્વેશન નં.222 અને 223ને સંયુક્ત કરી સામાજિક માળખા માટે અનામત રાખવું. તેમજ રિઝર્વેશન નં.236ને ગાર્ડનને બદલે વાણિજ્ય હેતુ માટે ફાળવવું. રિઝર્વેશન નં.238ને 18 મીટરની ચોકડી પર વાણિજ્ય હેતુ માટે રાખવા અને નં.218ને 24 તથા 15 મીટરના જંક્શન પર શિફ્ટ કરવા જણાવાયું હતું. વધુમાં, રિઝર્વેશન નં.228 અને 229 વચ્ચેના રસ્તાની પહોળાઈ 12 મીટરથી ઘટાડી 9 મીટર કરી પ્લોટની સાઈઝ વધારવાનું સૂચન પણ મંજૂર કરાયું હતું. સભામાં અર્બન હેલ્થ સેન્ટરને રંગઉપવનથી ખસેડી જૂની કચેરીમાં લઈ જવાનો નિર્ણય લેવાયો હતો. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 33 ગામના કચરાના નિકાલ અંગેની ગૂંચવણ બાબતે ગાંધીનગરથી માર્ગદર્શન મેળવવાનું નક્કી થયું છે. અંતમાં, પ્રધાનમંત્રી આવાસ યોજનાની અરજીઓને બહાલી આપી સભાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

# 'આવાસનાં કામો કેમ અટકાવો છો? કહી શિક્ષિકાના ઘર પાસે હલ્લો



વિશાલ પટેલ

**RTI કરી** હોવાના ખોટા આક્ષેપ સાથે પાલીમાં દંપતી સાથે માથાકૂટ

કામરેજ: કામરેજના પાલી ગામે સરકારી આવાસના કામમાં RTI કરવાના ખોટા વહેમમાં એક શિક્ષિકાના પરિવારને નિશાન બનાવી, ટોળાએ ઘરે આવી ગાળો આપ્યાની ઘટના સામે આવી છે. આ મામલે કામરેજ પોલીસ મથકમાં નામજોગ ફરિયાદ નોંધાઈ છે.

ઘટનાની વિગત મુજબ કામરેજના પાલી ગામે મોતા રોડ પર હળપતિવાસ પાસે રહેતાં ભાર્ગવીબેન જીજ્ઞેશભાઈ ચૌહાણ વલથાણાની વાલ્મીકિ વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે, તેમના ઘર પાસે ગત ગુરુવારે સાંજે સાત કલાકે ગામના સરપંચ પક્ષના ૧૫થી ૨૦ માણસોનું ટોળું ધસી આવ્યું હતું. ટોળાએ એવો આક્ષેપ કર્યો હતો કે, તમે અમારા સરકારી આવાસના ગાળા બંધ કરાવો છો? તેમ કહી જોરજોરથી અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન ભાર્ગવીબેનના પતિએ આ માથાકૂટનો વિડીયો મોબાઈલમાં ઉતારી લીધો હતો અને પોલીસને જાણ કરી હતી. આથી ઉશ્કેરાયેલા કૌશિક રમણ રાઠોડ, નીરૂબેન રમણ રાઠોડ, રમેશ લલ્લુ રાઠોડ, કિરણ રમણ રાઠોડ અને ટીનુબેન સહિત અન્ય ૧૦થી ૧૨ અજાણ્યા લોકોએ હોબાળો મચાવ્યો હતો. ગામમાં કોઈએ સરકારી આવાસ બાબતે RTI કરી હોઈ, જેના ખોટા આક્ષેપો ભાર્ગવીબેનના પરિવાર પર લગાવી માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. અંતે, ભાર્ગવીબેને આ શખ્સો વિરુદ્ધ કામરેજ પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગેસની અછતની અફવા ફેલાતાં કોસંબામાં બોટલ માટે પડાપડી

**ગેસ** પુરવઠો ખોરવાઈ જશેની અફવા વચ્ચે ગ્રાહકો ગરમીમાં શેકાતા રહ્યા




ઈબ્રાહીમ કાનુ

હથોડા: વિદેશમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ગેસ પુરવઠો ખોરવાઈ જશે અથવા બંધ થઈ જશે તેવી અફવા ફેલાતા શુક્રવારે કોસંબા સ્થિત નિલેશ ગેસ એજન્સી ખાતે ગ્રાહકોની ભારે પડાપડી જોવા મળી હતી. કાળઝાળ ગરમી હોવા છતાં, અછત સર્જાવાના ડરથી ગ્રાહકો વહેલી સવારથી જ ગેસ સિલિન્ડર મેળવવા માટે લાંબી કતારોમાં ઊભા રહી ગયા હતા.

માંગરોળ તાલુકાની આ સૌથી મોટી એજન્સીઓમાંની એક એવી નિલેશ ગેસ એજન્સી સાથે કોસંબા, તરસાડી સહિત આસપાસનાં અનેક ગામડાંના હજારો ગ્રાહકો જોડાયેલા છે. તકસાધુઓ દ્વારા ફેલાવવામાં આવેલી ખોટી અફવાને કારણે ગભરાયેલા ગ્રાહકો પોતાના કામકાજ છોડીને એજન્સી પર ધસી આવ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા માંગરોળ પુરવઠા વિભાગના અધિકારીઓએ પણ એજન્સીની ઊડતી મુલાકાત લીધી હતી અને ગોડાઉનમાં જથ્થાની ચકાસણી કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. એજન્સીના સંચાલક ધનેશભાઈ પારેખે ગ્રાહકોને અપીલ કરી હતી કે તેઓ કોઈપણ પ્રકારની અફવાઓમાં ન આવે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એજન્સી પાસે પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને નિયમિતપણે પુરવઠો મળી રહ્યો છે, જેથી દરેક કાયમી ગ્રાહકને સિલિન્ડર મળી રહેશે. સંચાલકોની હૈયાધારણ અને સાંજ સુધીમાં તમામ ગ્રાહકોને પુરવઠો પ્રાપ્ત થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે, દિવસભર ગ્રાહકોમાં ચિંતાતુર માહોલ જોવા મળ્યો હતો.

# અંકલેશ્વરમાં ડમ્પર અડફેટે ત્રણ વાહનને નુકસાન

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વર-વાલિયા માર્ગ પર આવેલી ચંદ્રબાલા મોદી સ્કૂલ સામે બેફામ ગતિએ દોડી રહેલા ડમ્પરે સામેથી આવી રહેલાં ત્રણ વાહનને અડફેટે લેતાં ભારે અફડાતફડી સર્જાઈ હતી. ડમ્પર ચાલકનો વાહન પરનો કાબૂ છૂટી ગયો હતો, જેણે કારને સીધી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણેય વાહનોના ટુકડા થઈ ગયા હતા અને તેમને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. જો કે, આ ઘટનામાં વાહનચાલકોને સામાન્ય ઈજા થતાં મોટી જાનહાનિ ટળી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# માંડવી તા.પં.માં શાસનનું અંતિમ વર્ષ શાસક-વિપક્ષો 'વિકાસ' માટે એક થયા!

**અંતિમ** સામાન્ય સભામાં રૂ.૬૭.૭૩ કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર



હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકા પંચાયતની વર્તમાન ચુંટાયેલી બોડીની પાંચ વર્ષની મુદત પૂર્ણ થવા આરે છે. ત્યારે પંચાયત કચેરી ખાતે બોડીની અંતિમ સામાન્ય સભા ભાવુક અને ઉત્સાહભર્યા માહોલમાં યોજાઈ હતી. આ બેઠકમાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ.૬૭.૭૩ કરોડના ખર્ચનું અંદાજપત્ર શાસક અને વિપક્ષ બંનેના સમર્થનથી સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

તાલુકા પંચાયત પ્રમુખ દિલીપભાઈ જે. ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં કારોબારી પ્રમુખ કમલેશભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ગીતાબેન સહિત સભ્યો હાજર રહ્યાં હતાં. સભાના પ્રારંભે તાલુકા વિકાસ અધિકારી તથા સભા સચિવ રવિન્દ્રસિંહ સોલંકીએ બજેટની રૂપરેખા રજૂ કરી હતી, જેમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ.૬૭.૭૯ કરોડની આવક સામે રૂ.૬૭.૭૩ કરોડના ખર્ચનો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો.

બજેટની વિગતો મુજબ તાલુકા પંચાયતના સ્વભંડોળમાંથી આશરે રૂ.૩૯.૯૦ લાખની આવક સામે રૂ.૩૪.૦૮ લાખના ખર્ચનો અંદાજ મુકાયો છે. જ્યારે રાજ્ય સરકારની વિવિધ પ્રવૃત્તિઓમાંથી આશરે રૂ.૬૦.૩૩ કરોડની આવક તથા દેવા પ્રવૃત્તિમાંથી અંદાજે રૂ. ૭ કરોડની આવકનો સમાવેશ થાય છે. આમ ત્રણેય વિભાગની એકીકૃત આવક રૂ.૬૭.૭૯ કરોડ દર્શાવવામાં આવી છે. સભા દરમિયાન ગ્રામ્ય વિસ્તારોનાં વિકાસ કાર્યો, પાયાની સુવિધાઓ અને જનહિતલક્ષી યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વિકાસને પ્રાથમિકતા આપતા શાસક અને વિપક્ષ બંને પક્ષના સભ્યોએ બજેટને સર્વાનુમતે બહાલી આપી હતી. સભાના અંતે પ્રમુખ દિલીપભાઈ ચૌધરીએ છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન સભ્યો તથા વહીવટી તંત્રના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સભ્યોએ પોતાના કાર્યકાળ દરમિયાન થયેલાં વિકાસ કાર્યો અંગે સંતોષ વ્યક્ત કરી ભવિષ્યમાં પણ લોકસેવાનાં કાર્યોમાં સક્રિય રહેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# વ્યારાની મેટાસ એડવેન્ટિસ્ટ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધો.૧૨નો ભવ્ય ગ્રેજ્યુએશન સમારોહ યોજાયો

**મુખ્ય** અતિથિ તરીકે તાપી જિલ્લા એસ.પી. જે.એન. દેસાઈ હાજર રહ્યા, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન, યુવાનોને શિસ્ત અને મહેનતથી સફળતા મેળવવાની પ્રેરણા અપાઇ



વ્યારા: વ્યારાનાં મેટાસ એડવેન્ટિસ્ટ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ ભવ્ય ગ્રેજ્યુએશન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાપી જિલ્લાના પોલીસ અધિક્ષક આઈ.પી.એસ. અધિકારીશ્રી જે.એન. દેસાઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે મેટાસ ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સના સ્થાપક અધ્યક્ષ અને સલાહકાર ડૉ. જર્મિયા તેમજ પ્રો. (ડૉ.) અનિલ કુમાર સી.એચ., પ્રમુખ અને CEO વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ધો. ૧૨ના વિદ્યાર્થીઓ માટે આ પ્રસંગ તેમના શૈક્ષણિક જીવનનો મહત્વપૂર્ણ પડાવ બની રહ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગ્રેજ્યુએશન સમારોહમાં ભાગ લીધો હતો. આ અવસરે વિવિધ વિષયોમાં ઉત્તમ પ્રદર્શન કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પુરસ્કારો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિ શ્રી જે.એન. દેસાઈ (IPS)એ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, મહેનત અને દેશપ્રેમ જેવા મૂલ્યો અપનાવવા પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આજના યુવાનો દેશનું ભવિષ્ય છે અને તેઓએ પોતાની ક્ષમતાનો સકારાત્મક ઉપયોગ કરીને સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને સ્પષ્ટ લક્ષ્ય નક્કી કરીને સકારાત્મક વિચારો અને અડગ પ્રયત્નોથી સફળતા મેળવવાની સલાહ આપી હતી. વિશેષ અતિથિ પ્રો.(ડૉ.) અનિલ કુમાર સી.એચ.એ પણ પોતાના સંબોધનમાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે મેટાસ ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. શિક્ષણ સાથે સંસ્કાર, નેતૃત્વ અને વ્યક્તિત્વ વિકાસ પર સંસ્થા વિશેષ ભાર મૂકે છે. શાળાના સંચાલક મંડળ અને પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે આગામી શૈક્ષણિક વર્ષમાં શાળામાં ડિજિટલ લર્નિંગ, સ્માર્ટ ક્લાસરૂમ, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન તથા વિવિધ સહ-પાઠ્યક્રમ પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન આપવામાં આવશે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નવી શિક્ષણ નીતિ (એનઇપી) આધારિત વિવિધ શૈક્ષણિક પહેલો પણ હાથ ધરવામાં આવશે. શાળા પરિવારના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો અને અંતે તમામ મહાનુભાવો તથા ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# પરબમાં નકલી લાઈઝોલ લિક્વિડ ઝડપાવાની ઘટનામાં કોપી રાઈટનો ગુનો નોંધાયો

કામરેજ: કામરેજના પરબમાં માપા ફેશનમાં કોસ્મિટક પ્રોડક્ટની આડમાં બનાવટી બ્રાન્ડેડ કંપનીની વસ્તુઓ ઉત્પાદન કરી વેચાણ કરે છે, એવી બાતમીના આધારે એલસીબી પોલીસે છાપો માર્યો હતો. કોસ્મેટિક પ્રોડક્ટ્સના ઉત્પાદનની આડમાં લાઈઝોલ કંપનીના ક્લિનર બનાવી પ્લાસ્ટિકના પાંચ લિટરના કેનમાં પેકિંગ કરીને જેની ઉપર બ્રાન્ડેડ કંપનીના લેબલ લગાવી ગ્રાહકોને ઊંચી કિંમતે વેચાણ કરાવતું હતું. પોલીસે રેકેટ ચલાવનાર મોનિલ સંજય ધોડિયા (ઉં.વ.23) (હાલ રહે.,શ્યામ-1, વ્રજભૂમિ સ્કેટર, વ્રજચોક, સીમાડા, સુરત, મૂળ તા.ગારિયાધાર, જિ.ભાવનગર) ને પકડી 860 કેન ક્લિનર, પાંચ લિટરના પ્લાસ્ટિકના કેન, લાઈઝોલ કંપનીનાં સ્ટિકર, સ્લેસ કંપનીનું કેમિકલ, પચાસ કિલો મીઠું, બે મશીન, એક ફોન મળી કુલ રૂ.10,72,030નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો, જેમાં કામરેજ પોલીસે મોનિલ ધોડિયા સામે ફરિયાદ નોંધી હતી.

## વલવાડામાં સિમેન્ટના થાંભલા સાથે બાઈક અથડાતાં યુવકનું મોત

અનાવલ: અંબિકાના સાંબા ગામના રહેવાસી 23 વર્ષીય કુંજનકુમાર ઉર્ફે બિટ્ટુ દિનેશભાઈ પટેલ પોતાની બાઈક લઈ સાંબા-વલવાડા રોડ વલવાડામાં અંબિકા ફળિયામાં નહેરા પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન રસ્તા બાજુમાં આવેલા સિમેન્ટના થાંભલા સાથે બાઈક અથડાતાં તેનું સ્થળ પર જ મોત થયું હતું. તો પાછળ બેસેલી મૃતકની માતાને ઈજાઓ થઈ હતી.


Milano MULTIPLEX

બારડોલી

The Kerala Story 2
10:00am, 12:00pm,
03:00pm, 06:00pm,
09:00pm, 10:00pm

Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm

Tere Naam - 04:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



## એ.સી.બી.ના ગુનામાં નિર્દોષ જાહેર

આજરોજ મહેરબાન ભરૂચના પ્રિન્સીપાલ અને ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી ગયેલ સ્પે.એ.સી.બી.કે.નં.૦૧/૨૦૨૫ અન્વયે એડવોકેટ સલીમ લોહિયાની તર્કસંગત અને તથ્યગત પ્રભાવી દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી શ્રી નરહરિ હળવે નાયબ કલેકટરશ્રી ભરૂચને તેમજ સ્પે. એ. સી. બી. કેસ.નં.૮/૨૦૦૯ ના આરોપી શ્રી પિંકેશ પટેલ, ટેકિનકલ આસી. ભરૂચને Prevention of Corruption Act-1988 ની સેકશન ૭,૧૩(૧)(ઘ), ૧૩(૨) ના ગુનામાં સંપૂર્ણ નિર્દોષ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : ભરૂચ
તા.૧૩-૦૩-૨૦૨૬

એડવોકેટ સલીમ લોહિયા
૨૦૫/૨૦૬, ઓમ કોમ્પલેક્ષ,ભરૂચ.મો.નં.૯૯૨૪૯૧૫૪૮૨



## પાવર ઓફ એટર્ની રદ્ કર્યાની જાહેર નોટીસ

જત મારા અસીલ (૧) ભરતકુમાર લલ્લુભાઈ પટેલ, (૨) ગીરીશકુમાર લલ્લુભાઈ પટેલ, બંને રહેવાસી : જુનું પટેલ ફળીયુ, ગાંગપુર, ગાંગપોર, તા.પલસાણા, જિ.સુરતના તથા હાલ રહેવાસી : U.K., નાઓ તર્ફે મળેલ ખાસ સૂચના અને ફરમાઈશ અન્વયે પાવર ઓફ એટર્ની રદ કર્યાની જાહેર નોટીસ થકી જાહેર કરવાનું કે,

અમારા અસીલ (૧) ભરતકુમાર લલ્લુભાઈ પટેલ, (૨) ગીરીશકુમાર લલ્લુભાઈ પટેલનાઓ હાલ વિદેશ મુકામે વસવાટ કરતાં આવેલ હોય, જેમણે પોતાની સ્થાવર-જંગમ મિલકતો લગતની કાર્યવાહીઓ કરવા બાબતેનો એક જનરલ પાવર ઓફ એટર્ની તેમનાં ઓળખીતા અને વિશ્વાસુ વ્યકિત એવાં કીરીટકુમાર જયંતિલાલ પટેલ, રહે.સ્યાદલા, તા.ઓલપાડ, જિ.સુરતનાઓને આપેલ. મજકુર જનરલ પાવર ઓફ એટર્ની તાત્કાલિક અસરથી રદ્દ કરેલ છે. સદર જનરલ પાવર ઓફ એટર્ની થકી પાવર ઓફ એટર્ની હોલ્ડરને હમારી સ્થાવર-જંગમ મિલકતો સંદર્ભે કે અન્ય કોઈપણ બાબતે અમારા વતી કોઈપણ કાર્યવાહી કરવાનો કોઈ હકક કે અધિકાર નથી કે રહેલો નથી. તેમજ અમારા અસીલની જાણ બહાર કરેલો તમામ વહીવટ રદ્દ કરેલ છે અને પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે કીરીટકુમાર જયંતિલાલ પટેલ ને તાત્કાલિક અસરથી દુર કરેલ છે અને જેની જાણ તેઓને પર્સનલ નોટીસ થકી પણ કરવામાં આવેલ છે.

તેમજ સદર અસલ પાવર ઓફ એટર્ની તથા તે લગતના તમામ દસ્તાવેજી સાહિત્ય, ઝેરોક્ષ નકલ, એટેસ્ટેડ, ટ્રુ કોપી વિગેરે તમામ પણ અમારા અસીલને દિન-૭માં રૂબરૂ પહોંચતા કરી દેવા સહી. તેમજ સદર પાવર ઓફ એટર્નીનો હવે પછી ક્યારેય કોઈપણ પ્રકારનો ઉપયોગ કરવા-કરાવવાનો નથી. સદર જનરલ પાવર ઓફ એટર્ની હરહંમેશને માટે રદ્દબાતલ કરેલ છે સહી.

તેમજ ભવિષ્યમાં પણ સદર જનરલ પાવર ઓફ એટર્નીના આધારે જો કોઈપણ જાતના વ્યવહારો અમારા અસીલની મિલકતમાં કરવામાં આવશે તો તેવા તમામ વ્યવહારો રદ્દબાતલ ગણાશે અને તેવાં હરકોઈ વ્યવહારોની સંપૂર્ણ જવાબદારી જે-તે ઈસમ, પેઢી કે સંસ્થાની પોતાની ગણાશે. જેનાં માટે મારા અસીલ તે તેઓના વંશ, વાલી-વારસો કોઈપણ રીતે જવાબદાર કે બંધનકર્તા રહેશે નહીં. જેની આ જાહેર નોટીસ થકી તમામે નોંધ લેવી.

તા. : ૨૧/૦૨/૨૦૨૬
સ્થળ : બારડોલી
અમારી સૂચના અને ફરમાઈશ મુજબ

(૧) ભરતકુમાર લલ્લુભાઈ પટેલ

(૨) ગીરીશકુમાર લલ્લુભાઈ પટેલ

કલ્પેશ આર. રાઠોડ.
એડવોકેટ
૨૦૫, રિદ્ધી આર્કેડ, એમ.જી.રોડ,
બારડોલી, તા.બારડોલી, જિ.સુરત.
મો.નં.૯૮૭૯૪૦૧૯૭૫.